# –: સાહબે દાઅવતે ફરમાવું :–

દુનિયા આખેરતનો નમૂનો છે. બતને માદર (માઁ ના પેટ) માં જેમ મુખ્તલિફ હાલાતથી ગુઝરીને ઈન્સાની પૈદાઈશ પૂરી થાય છે, તેમ દુનિયામાં તેની ખૈર અને શરના હાલાત પર કસૌટી થાય છે. નતીજતન તેને તેના આઅમાલના બલ પર આખેરતમાં જઝાઓ સઝા આપવામાં આવે છે. જો બતને માદર માંથી તે સેહતમંદ અને તંદુરસ્ત થઈને દુનિયામાં આવો હશે તો દુનિયામાં તેની તબીઅત બેહતર હશે. અને જો દુનિયામાંથી ઈમાન બિલ્લાહ અને નૈકી સાથે ગુઝરો હશે તો આખેરતમાં તે જન્નતના મકામાત સર કરશે.

"હબ્લિલ્લાહિલ મતીન" યા "હબ્લિલ્લાહિલ મમ્દૂદ" અલ્લાહતઆલાની એક મઝબૂત રસ્સી છે. જેનો એક છેડો અલ્લાહને નઝદીક છે અને બીજો છેડો મુમિનના હાથમાં છે. મુમિન દાઅવતે તાહેરાના દરજાના સાહબને બયઅતો મીસાક આપીને ઈમાનો યકીનની રસ્સીના દરજા ચઢે છે અને આ રૂહાની વાબિસ્તગીના સબબ તેને ઈલાહી ઊલૂમ અને અન્વારનો હુસૂલ થાય છે.

ઈમામતના મરતબાની માઅરેફત અને ઈમામની ઈતાઅત એક મુશ્કિલ અને ભારી અમર છે. અલ્લાહતઆલા જેને ચાહે છે તેના પર જ આ જૌહરની નવાઝિશ કરે છે. રસૂલુલ્લાહ બાવાજીએ સાફ તૌર પર ફરમાવુંછે કે, જે કોઈએ ઝમાનાના ઈમામની માઅરેફત ન કીધી અને તેને મૌત આવી ગઈ તો ઝરૂર તે જાહિલીયતની મૌત મરો.